## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 2

આશાજી, તેત્રીસ કરોડ દેવગુર બીરમાજીકે સાથે, તે હર હર
કરીને ધર્મ ધીયાયાજી;
પાંચ લાખસું ઇશ્વર ગોરખ ભણીએ, તે સીંઘણીએ નાદ પુરાવે.
હરી૦ (૧૩)

આશાજી, ઇશ્વર ભરમા મએસર ભણીએ, પીર પેગામ્બર સરવે આવેજી;
અનંત કરોડી દેવ સુરનર મલસે, જાહેર ચડશે શાહ રથ. હરી૦ (૧૪)

આશાજી, અજકલ વારે બાર કરોડ, તે સતગુર સોહદેવ સાથેજી;
જો જાણે તો મેલા મેલાવો, તો ગ્નાન વીચારીને ચાલોજી
હરી૦ (૧૫)

આશાજી, ધરમ પુત્ર સાથે નવ કરોડ તે સામીજીને દુવારે આવેજી;
અરજણ લાખ છત્રીસે મળશે, ચાલીસ લાખે ભીમ જાણોજી.
હરી૦ (૧૬)

આશાજી ચઉદ લાખસું સોહદેવ મળશે, નકુળ તે પાંત્રીસ લાખેજી;
સુરાનર ત્યાં મેલા માંહે મળશે, કિરતાર ભરણુ ભરેશે. હરી. (૧૭)
આશાજી નવાણું કરોડ ત્યાં જખજ મળશે, છપન કરોડ ત્યાં મેઘાજી;
માહદીન શાહ મેલા મિલાવશે, જાગે કિનર કરોડ બત્રીસ. હરી. (૧૮)

આશાજી એક લાખ ને અઢાર કરોડ, તે નરવર હર સંઘારેજી;
એંસી લાખ ગજાગેમર ગુણસે, એમ શાહ પરવ સવારે. હરી૦ (૧૯)

## Day 2 (Continued)

આશાજી, એંસી કરોડ ઉંઠ સમર ચાલશે, ચતુર લાખ ચારાધારીજી;
સપ્ત લાખ નીસાન જુલેશે, ઓલીયા બોલ શાહ પારે. હરી૦ (૨૦)

આશાજી, ચોસઠ લાખ દલ દેવીના મળશે, અઉઠ કરોડ જીનભુતજી;
રૂએ રૂએ ભાખેઆ, ગણુ મણુ પડશે, શાહ નવી નવી શેસ્ટી રચાયે.
હરી૦ (૨૧)

આશાજી, રવ છાયા રવ સુરજ છપશે, ઓછા નીર નદીયેજી;
હંસાજીના રાજા, કરો પીઆણા; નવસો છમછર અદકા ગયા.
હરી૦ (૨૨)

આશાજી, નાગ લોકનું સેન વખાણું, બાણુ કરોડ પરસાગાજી;
તારો અંત ન જાણે કોઈ, આગમ નિરંજન સાચા. હરી૦ (૨૩)

આશાજી, રગતા પેચા, કરસના, સેતા, ચો વરણા જુગ હુઆજી;
અવર રંગ તેરા બહુ છાજે, ઇસમેંથી ચાર સુજાતા. હરી૦ (૨૪)

આશાજી, કલજુગમાંહે બહુ પાખંડ વાપીયા, તીસમાંએ હોયસે
નિવેડાજી;
કલમાંહે કાયમ કાલીંગો સંઘારશે, તીસ સીર એહી અખાડા.
હરી૦ (૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)